ડિરેક્ટર્સ કટ

# ‘જવાન’ એટલીનો વિજય ભવ



‘ચંગેસ્ટ’- કારકિર્દીમાં કામ દરમિયાન સૌથી મહત્વનું કોઈ વિશેષણ મળે તો આ યંગેસ્ટ છે. હાલ આપણી ફિલ્મની એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં યંગેસ્ટ ડિરેક્ટરનુ વિશેષણ છે અરુણ કુમાર એટલે કે એટલી પાસે. 38 વર્ષના એટલીના બાયોડેટામાં 100% સક્સેસ રેશિયો છે. અર્થાત્ તેની બનાવેલી તમામ ફિલ્મો સુપરહિટ રહી છે. અને આ જ કારણે તમિલ અને હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર્સ પણ આ યંગેસ્ટ ડિરેક્ટર સાથે કામ કરવા તૈયાર છે. અને ખાસ તો એવા સુપર સ્ટાર્સ જે લગાતાર ફ્લોપ જઈ રહ્યા છે.

મદુરાઈનો એટલી ડિરેક્ટર મણિરત્નમ અને એસ.શંકરથી ખુબ પ્રભાવિત થઈ ફિલ્મ શીખવાનું નક્કી કર્યુ. ભણતર પૂરું કર્યા પછી ડિરેક્ટર શંકરની ટીમમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે જોડાયો. તેની પહેલી ફિલ્મ હતી રજનીકાંતની સુપરહિટ રોબોટ, પછી વિજય સાથે બનેલી 3-ઈડિયટની રીમેક નાનબનમાં પણ આસિસ્ટન્ટ હતો. આ બંને ફિલ્મ દરમયાન શંકરની જેમ માસ ફિલ્મ કઈ રીતે બનાવવી તે ફોર્મ્યુલા શીખી રહ્યો હતો. અને વિજય સાથેની જોડી એવી જામી કે પછી તેની બધી ફિલ્મોમાં વિજય જ રહ્યો.

2013માં તેણે પોતાનું ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું. તેની ફિલ્મમાં દિગ્દર્શનની સાથે ડાયલોગ અને સ્ક્રિનપ્લે પણ જાતે જ લખવાનું નક્કી કર્યું. પોતાની પહેલી ફિલ્મ હતી અને રિસ્ક નહિ લેવા માંગતા એટલી એ એક રોમકોમ મૂવી બનાવી. 25 કરોડમાં બનેલી ફિલ્મ ફિલ્મ રાજારાની 85 કરોડ કમાઈ. ફિલ્મ છોડી ચુકેલી નયનતારા જેવી અભિનેત્રીને તેણે રિ-લોન્ચ કરી. વર્ષ 2016, એટલીની સાથે વિજય અને સમેન્થા માટે પણ ખાસ રહેવાનું હતું. તેની પહેલી બ્લોગબસ્ટર ફિલ્મ થેરી આવી. (જેની હિન્દી રીમેક બેબી જ્હોન આવી રહી છે. જેને હાલ પોતાનું કમબેક કહી રહેલા વરુણ ધવન કરી રહ્યો છે) આ ફિલ્મથી એટલી એ પોતાને સાઉથના સુપર ડિરેક્ટરની લાઈનમાં પહોંચાડી દીધો, પછી આવી માર્શલ (2017) બિગિલ (2019)આ ત્રણેય ફિલ્મે વિજય અને એટલીનું સ્ટારડમ કાયમ કરી દીધું આ ત્રણ ફિલ્મ બોક્સઓફિસ અને ક્રિટીક્સ બધાને ખુબ જ પસંદ પડી, પબ્લિકને કઈ રીતે એન્ટરટેઈન કરવું તે સાઉથની ફિલ્મો ખુબ સારી રીતે જાણે છે અને તેમાંયે એટલી, આ બધામાં શ્રેષ્ઠ સાબિત થયો. જ્યારે એટલીનો જાદુ ચાલી રહ્યો હતો ત્યારે બોલીવુડના કિંગ ખાનની ફિલ્મો ફ્લોપ જઈ રહી હતી. નવી સ્ક્રિપ્ટની શોધમાં હતા, જે તેને હિટ કરવાની ગેરેન્ટી આપે! અને મળ્યો એટલી, ફિલ્મ બની જવાન- જેણે 1000 કરોડની ઉઘરાણી કરી, શાહરૂખને ફરી હિટ કર્યો. હવે ફ્લોપ થઈ રહેલા સલમાનને કિંગ બનાવવા તે ફિલ્મ બનાવી રહ્યો છે. જેમાં તેની સાથે કમલ હસન કે રજનીકાંત પણ હશે. મેગા પ્રોજેક્ટની અત્યારથી ચર્ચા સરું થઈ છે. એટલી પાસે ક્લાસ અને માસને સાથે રાખીને ચાલવાની સમજ છે. એક્શન, બેકગ્રાઉન્ડ મ્યૂઝીક, કોમેડી, ડ્રામા તેમાં સોશ્યલ મેસેજ કઈ રીતે ઉમેરી એક પરફેક્ટ મસાલા ફિલ્મ કઈ રીતે બને તેની રેસિપી એટલી જાણે છે. એટલે આ જવાન, યંગેસ્ટ બેસ્ટ ડિરેક્ટર સલમાન અને અલ્લુ અર્જુન સાથે પોતાની આગલી સુપરહિટ ફિલ્મ બનાવી રહ્યો છે.●

**પબ્લિકને કઈ રીતે એન્ટરટેઇન કરવું તે સાઉથની ફિલ્મો ખુબ સારી રીતે જાણે છે અને તેમાંયે એટલી, આ બધામાં શ્રેષ્ઠ સાબિત થયો. તેની ફિલ્મોએ વિજય અને એટલીનું સ્ટારડમ કાયમ કરી દીધું**

શો-બાજ

# જાવેદ જા “ફરી” સ્ક્રિન પર આવ્યો



જાવેદ જાફરી ફરી સ્ક્રિન પર જોવા મળી રહ્યો છે. OTT પર બની રહેલી અધધ ફિલ્મોમાં નવા ચહેરા સાથે જુના ચહેરાઓ પણ જોવા મળે છે, જેમાં જાવેદનો પણ નંબર લાગ્યો છે. ઘણા સમયથી તે સારીસારી વેબસિરીઝમાં જોવા મળી રહ્યો છે. જો કે આ પાત્રો તેની પસંદ હશે કે નહિ તેમાં શંકા હોઈ શકે છે, પણ કામ મળી રહ્યુ છે. અને આ નવા અવતારમાં તેને ફિલ્મો કરતા તો વધારે સારા પાત્રો મળી રહ્યા છે તે હકીકત છે. આજના યંગસ્ટર્સમાં જાવેદની ઈમેજ બૂગીવૂગીના જજ તરીકેની હતી, એ ફેમસ શોમાં તે અને તેના ભાઈઓ જજ તરીકે જોવા મળતા. જેમાં હસતા-હસાવતા જજ તરીકેની ઓળખ હતી અને થોડા સમય પછી જાવેદ સાંભળવા મળ્યો, તકેશીશ કેસલના શોમાં. આ જાપાનીઝ ગેમ શોની કોમેન્ટ્રી એ જાવેદને વગર જોયે ઓડિયન્સમાં જાણીતો કરી દીધો હતો. ફિલ્મની વાત કરીયે તો જાવેદ કોઈ ખાસ ફિલ્મ માટે જાણીતો નથી સિવાય જજંતરમ મમંત્રમ, આ જાદુઈ ફિલ્મ લોકોને ખુબ પસંદ પડી અતિ હતી પણ આ સિવાય જાવેદ અર્થ, ફાયર, સિંઘ ઈઝ કિંગ, ધમાલ, 3 ઈડિયટ્સ જેવી ફિલ્મોને કારણે જાણીતો છે. 1985માં સુભાષ ઘાઈની ફિલ્મ મેરી જંગથી તેણે ડેબ્યુ કર્યું હતું. 40 વર્ષથી આ ઈન્ડસ્ટ્રીમાં છે. પણ ફિલ્મી કરિયર બાદ આ OTT કરિયરમાં તેણે અર્જુન રામપાલની 2019માં આવેલી સિરીઝ ફાઈનલ કોલથી શરૂઆત કરી હતી. આ દરમ્યાન તે ટેલિવિઝનમાં જજ અને નરેટર તરીકે ઘણા શોમાં દેખાયો હતો. હશ હશ, જાદુગર, તાઝા ખબર, મેજીક ઓફ શ્રી જેવી સિરીઝમાં આવ્યો છે. હાલ એમેઝોન MX પ્લેયર પર આવેલી મોહરા તેની લેટેસ્ટ સિરીઝ છે. આ બધામાં તેના નેગેટિવ કિરદાર લોકોને ગમી રહ્યા છે. જાવેદ પાસે સારો અવાજ છે, ડાન્સ અને મ્યુઝિકમાં પણ જાણકાર છે. કદાચ તેની અતિ સામાન્ય પર્સનાલિટીને કારણે તેને ઠીક ઠીક રોલ મળ્યા હશે. આ વર્ષે તેની દીકરી અલવિયા જાફરી જે ઈન્ફ્લ્યુએન્સર છે તે પણ ધી ટ્રાઈબ શોથી ડેબ્યુ કરી ચુકી છે. દીકરો મિઝાન જાફરી 2019માં મલાલ ફિલ્મમાં આવ્યો હતો. ખેર અત્યારે જાવેદ ફરી સ્ક્રીન પર દેખાઈ રહ્યો છે અને 2025માં તેની પાસે કામ કરવા માટે હેરાફેરી -3, લાયોનેસ, ઈન ધી રીંગ, માયાસભા જેવા સારા પ્રોજેક્ટ્સ છે.●

**1985માં સુભાષ ઘાઈની ફિલ્મ મેરી જંગથી તેણે ડેબ્યુ કર્યું હતું. 40 વર્ષથી આ ઇન્ડસ્ટ્રીમાં છે. પણ ફિલ્મી કરિયર બાદ આ OTT કરિયરમાં તેણે અર્જુન રામપાલની 2019માં આવેલી સિરીઝ ફાઇનલ કોલથી શરૂઆત કરી હતી**

## HOLLYWOOD News



### ટોમની સાથે હવે કોણ?


હૉલીવુડનો મોસ્ટ ડિઝાયરેબલ મેન અને પોતાની ફિલ્મ સાથે ચાર્મ અને એક્શનથી મહિલાઓના ફેવરિટ બનેલા ટોમ ક્રૂસની ચર્ચા હાલ ઘણી થઈ રહી છે. તેની ફિલ્મથી ઈતર ટોમ વર્ષમાં એક વાર તેની મહિલા મિત્ર સાથે ડેટ પર જવાના કારણે જરૂર ન્યુઝમાં આવતો રહે છે. 2012માં ત્રીજી વાઈફ કેટી હોલ્મસ સાથે ડિવોર્સ થયા બાદ તેણે લગ્ન નથી કર્યું. હાલ ટોમ માહા ડેકલ નામની મહિલાને ડેટ કરી રહ્યા હોવાનું બહાર આવ્યું છે.

આ અઠવાડિયે ટોમ, માહા ડેકલ સાથે બીજી વાર દેખાયો અને તેમના વચ્ચેના રોમાંસની અફવાઓને વધારે હવા મળી જ્યારે આ જોડી લંડનના એક 5 સ્ટાર હોટલમાં રોમેન્ટિક ડિનર પર ગયા હતી. બંને સાંજે 7 વાગ્યે એ હોટેલમાં આવ્યા હતા અને રાતે 11 વાગ્યા સુધી સાથે રહ્યા હતા. ટોમ અગાઉ માહા સાથે લંડનમાં જોવા મળ્યા પછી એક અઠવાડિયામાં આ રીતે બીજીવાર સાથે દેખાયો. કોણ છે માહા? 49 વર્ષની માહા CAA એજન્ટ તરીકે જાણીતી છે. હોલીવુડની ક્રિએટિવ આર્ટિસ્ટ એજન્સીમાં (CAA) ટેલેન્ટ એજન્ટ છે. એટલે કે માહા ટેલેન્ટની પારખું છે. ડેકલ પહેલાં, 62 વર્ષના ટોમનું નામ 26 વર્ષીય સ્પેનિશ સિંગર વિક્ટોરિયા કેનાલ સાથે જોડાયું હતું. જોકે તેમણે અફવા ગણાવી દીધી હતી. હવે ટોમ અને માહા તેમના આ સંબંધને અફવા ક્યારે જણાવશે તે જોવું રહ્યું. 2025માં ટોમ ક્રુઝની ફિલ્મ મિશન ઈમ્પોસિબલનો ફાઈનલ રીકનીંગ પાર્ટ આવી રહ્યો છે.●

### સુપરમેન વર્સીસ સુપરફેન

સુપરમેન ફિલ્મ રિલીઝ થવાને આડે હજી 6 મહિના છે. પણ તેનું ટીઝર ટ્રેલર રિલીઝ થતા જ તે DC ફેન્સમાં ચર્ચાનો વિષય બની છે. શું કામ? કારણ કે આ સુપરમેનને રિ-બ્રાન્ડ કરવામાં આવ્યો છે. જેને કોઈ સપોર્ટ કરે છે, કોઈ વિરોધ. ખાસ તો હેનરી કેવિલની બદલે નવો સુપરમેન તરીકે ડેવિડ કોરેંસ્વેટને કાસ્ટ કરવામાં આવ્યો છે. જોકે આ બધાની શરૂઆત થઈ વર્ષ 2013માં. જ્યારે ડિરેક્ટર જેક સ્નાઈડરની ફિલ્મ ‘મેન ઓફ સ્ટીલ’ આવી હતી. જેમાં હેનરી કેવિલના રૂપમાં એક નવો સુપરમેન મળ્યો હતો. આ ફિલ્મે વિશ્વભરમાં 670 મિલિયન ડોલરની કમાણી કરી હતી. આજના રૂપિયામાં આ અંદાજે 5698 કરોડ રૂપિયા થાય! આ યુનિવર્સની આગલી ફિલ્મ આવી ‘બેટમેન વર્સીસ સુપરમેન’. જેણે ફેન્સને ખુબ ડિસપોઈંટ કર્યા. એટલું બાકી હતું કે પછી આવી ‘જસ્ટિસ લીગ’, આ ફિલ્મે DC અને ઝેક સ્નાઈડરની ઈમેજની કબર ખોદી. અહીંથી DC સુપરમેનનો ધબડકો થયો. હેનરીના સુપરમેને 2022માં રિલીઝ થયેલી ફિલ્મ ‘બ્લેક એડમ’માં કેમિયો પણ કર્યો હતો.

તે પણ સદંતર ફ્લોપ. જ્યારે માર્વેલ યુનિવર્સની બધી જ ફિલ્મો હિટ પર હિટ જઈ રહી હતી. આ ઉપરાછાપરી ફ્લોપ બાદ સમાચાર આવે છે કે હવે DC અલગ ફિલ્મો બનાવશે, નવી દિશામાં વળશે. તેના કમાન્ડર બનાવાયા જેમ્સ ગન અને પીટર સેફ્રોન. જેમ્સ ગન એ જ જેણે માર્વેલ માટે ‘ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી’ બનાવી હતી. આ નવા DC યુનિવર્સના નવા સુપરમેન જેમ્સ ગન દ્વારા બનાવવામાં આવ્યો છે. અને હવે આ ટીઝર ટ્રેલર જોતા 3000 કરોડના ફિલ્મની ઉપર તેના સુપરફેન્સ પોતાના ગમાઅણગમા બતાવી રહ્યા છે. ●



# 2024માં આ સ્ટાર્સનાં ચમક્યા સિતારા

**2024નો ઉલ્લેખ થોડા સમયમાં ભૂતકાળમાં થશે ત્યારે સિનેમા જગતમાં ઘણા કલાકારો આ વર્ષે પરદા પર જોવા મળ્યા, કેટલાક ભુલાઈ ગયા અને કેટલાક તેમના કામથી યાદ રહી ગયા. તેમને ફરીથી જોવા મળશે તેવી આશાઓ. જાણીયે એવા સ્ટાર્સને જેમના નસીબના સિતારા આ વર્ષે ચમક્યા.**

નેટફ્લિક્સની આ વર્ષે વિવાદમાં રહેલી ફિલ્મ ‘મહારાજ’થી ડેબ્યુ કરનાર જુનેદ ખાન ફિલ્મ સાથે તેની એક્ટિંગને કારણે પણ ચર્ચામાં રહ્યો. મહારાજમાં ભજવેલા પત્રકારના કેરેક્ટરથી તેણે પોતાની પ્રતિભા દેખાડી હતી, પિતા આમીર ખાન કરતા કદમાં વિશાળ તેવા જુનેદના કરિયરનું કદ પણ આમીર કરતા વધશે કે પછી અન્ય સ્ટારકિડનું ઉદાહરણ બનશે તે જોવું રહ્યું. 2025માં જુનેદ ખાન ખુશી કપૂર સાથે એક રોમેન્ટિક ફિલ્મમાં દેખાવા જઈ રહ્યો છે. વધુ એક ફિલ્મ જેના ડિરેક્ટર તેના કાકા મન્સુર ખાન હશે અને સાઈ પલ્લવી સાથે પણ એક ફિલ્મમાં જોવા મળશે. લાપતા લેડીઝની અભિનેત્રી નિતાંશી ગોયલને ‘વિકી ડોનર’, ‘એમએસ ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી’, ‘પોશમ પા’ જેવી ઘણી ફિલ્મોમાં જોઈ હશે. અત્યારે 17 વર્ષની નિતાંશી છેક 2012થી કામ કરી રહી છે! પરંતુ 2024માં ‘લાપતા બોલીવુડની સેલેબ્રિટી લેડીઝ બનાવી દીધી છે. લોકોને ફૂલ કુમારીનું કેરેક્ટર ખુબ પસંદ આવ્યું હતું. આ પાત્રમાં તે એટલી સહજ લગતી હતી. નિતાંશીએ જે રીતે આ પાત્રમાં પોતાને ઢાળી તે પ્રશંસનીય હતું. તેની જ સાથે આ ફિલ્મમાં દેખાયેલી જયા એટલે કે પ્રતિભા રાંટા પણ આ વર્ષે ડેબ્યુ થયેલી બેસ્ટ એક્ટ્રેસમાંની એક છે. લાપતા લેડીઝ સાથે તે સંજય લીલા ભણસાલીની હીરામંડીમાં પણ જોવા મળી હતી. 20 વર્ષની પ્રતિભા મોડેલિંગ કરી રહી હતી, ટીવી સિરિયલ કુરબાન હુઆથી તેણે ટીવી પર ડેબ્યુ કર્યું હતું. પરિવારના વિરોધ વચ્ચે ફિલ્મમાં પોતાનું કરિયર બનાવવાનું નક્કી કર્યું. તેની પાવરફુલ પ્રેઝન્સથી તે નવી ફિલ્મમાં જોવા મળતી રહેશે તેવી શક્યતાઓ છે.



આ બધામાં રાઘવ જુયાલ જાણીતો ચહેરો છે. લોકો જાણતા જ હશે, ફિલ્મ ટીવી શો કરી ચુક્યો છે પણ આ વર્ષે આવેલી ફિલ્મ કિલ અને ગ્યારહ ગ્યારહનાં કારણે તે ચર્ચામાં રહ્યો અને એક સિરયસ એક્ટરની ઓળખ બનાવી છે. આ પહેલા તેની કારકિર્દી એક સ્પોર્ટીંગ એક્ટર તરીકે આગળ વધશે તેવું માનવામાં આવતું હતું પણ આ ફિલ્મોને કારણે તેને કરિયરને અલગ દિશા આપી છે. રાઘવ 2025માં પણ અન્ય ફિલ્મમાં જોવા મળવાનો છે. તેની ફિલ્મ કિલનો લીડ એક્ટર લક્ષ્ય લાલવાણીના સિતારા પણ ચમક્યા છે. એમ તો લક્ષ્ય કરન જોહરની દોસ્તના-2થી ડેબ્યુ કરવાનો હતો પણ ફિલ્મ બની જ નહિ અને કિલથી તેણે પોતાનો લક્ષ્ય કાયમ કર્યો. 2025માં તે અનન્યા પાંડે સાથેની ચાંદ મેરા દિલ નામની રોમાન્ટિક ફિલ્મમાં દેખવાનો, સાથે બેધડક જેમાં શનાયા ક્પૂર છે તેમાં પણ તે સામિલ છે. આવનારું વર્ષ રાઘવ અને લક્ષ્ય બંને માટે સુપરહિટ સાબિત થશે જો ફિલ્મ સુપરહિટ હશે તો.

2024 હોરર-કોમેડીનું રહ્યું. જેમાં ‘મુંજ્યા’ જેણે તેના બજેટ કરતા ચાર ગણી વધુ કમાણી કરી હતી. તેમાં દેખાયેલા કલાકારો પણ એટલા જ હિટ રહ્યા હતા. ફિલ્મમાં દેખાયેલા અભય વર્માએ પોતાનું ‘સ્ટારદમ’ દેખ્યાડ્યું. જોકે અભય ‘સુપર 30’ અને ‘ધ ફેમિલી મેન’ જેવા ઘણા પ્રોજેક્ટમાં પહેલા દેખાઈ ચુક્યો છે. પરંતુ ‘મુંજ્યા’માં બિટ્ટુના પાત્રમાં તેના કામના ખૂબ વખાણ થયા હતા. આનો સીધો ફાયદો તેને મળ્યો. હવે તે ટૂંક સમયમાં શાહરૂખ ખાનની ફિલ્મ ‘કિંગ’માં જોવા મળશે. જેનું શૂટિંગ જાન્યુઆરી 2025થી શરૂ થવાનું છે. સાથે આ ફિલ્મમાં દેખાયેલી શર્વરી પણ સેન્સેશનલ રહી. આમ તો આ શર્વરી માટે ડેબ્યુ યર નથી પણ આ વર્ષે શર્વરીની આવેલી ફિલ્મ મહારાજ, વેદા અને મુંજ્યા એ તેને લાંબી રેસમાં સામેલ કરી દીધી છે.



આ લિસ્ટમાં એક નામ પશ્મિના રોશનને પણ ગણી શકાય. રોશન સાંભળીને જ જાણી ગયા હશો. તે સંબંધથી રીતિક રોશનની ભત્રીજી છે. પશ્મિનાએ 2024માં ‘ઈશ્ક વિશ્ક રિબાઉન્ડ’ નામની સિક્વલથી તેની ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. જે 2003માં રિલીઝ થયેલી શાહિદ કપૂર અને અમૃતા રાવની ફિલ્મ ‘ઈશ્ક વિશ્ક’ પરથી બની હતી. ફિલ્મે વધુ કમાણી કરી ન હતી. પરંતુ ‘રોશન’ અટકે પશ્મિનાને ભવિષ્યની સ્ટાર બનવા માટેની લાયકાત પુરી પાડી દીધી છે. આજ ફિલ્મમાં હજી એક કલાકાર લોકો સામે પેશ થયો હતો. જીબ્રાન ખાન જેને તમે ‘કભી ખુશી કભી ગમ’માં રીતિક રોશનના નાનપણના રોલમાં જોયો હતો. તેણે પણ આ ફિલ્મથી પોતાને રિલોન્ચ કર્યો છે. જોવું રહ્યું રીતિક જેવી સફળતા આ બંને કલાકારોને મળે છે કે નહિ.



શો-સ્ટૉપર

આ નવા કલાકારો હતા જેમણે આ વર્ષે ઈન્ડસ્ટ્રીમાં પોતાના સિતારા બુલંદ કર્યા હતા, પોતાના કામથી નવી ઓળખ બનવી હતી. જે આવનારા વર્ષોમાં ફરી જોવા મળશે. તો સાથે ઘણા જુના કલાકારો માટે પણ આ વર્ષ સફળ રહ્યું જેમકે કરીના કપૂર, કાર્તિક આર્યન, રાજકુમાર રાવ, શ્રદ્ધા, બોબી દેઓલ, અર્જુન, પરિણીતી, તૃપ્તી, પ્રજ્ઞા જયસ્વાલ, દિલજિત, પ્રતીક ગાંધી આ બધા કલાકારો માટે 2024 સારું રહ્યું હતું.●

